SWACHH SURVEKSHAN #Mera Shahar, Meri Pehchan 2024

SWACHHATA HI SEVA 2024

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ - ભાવનગર મહાનગરપાલિકા

તા. ૨૯/૦૧/૨૦૨૫

સો. વે. મે. જા. નં.૨૫૬૭
તા.:-૨૯/૧/૨૦૨૫

# પ્રેસ નોટ

## મૃત પશુ/ મૃત જાનવર ઉપાડવાની ફરીયાદ માટે બીજો હેલ્પ લાઇન નંબર જાહેર કરવા બાબત

ભાવનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મનેજમેન્ટ વિભાગ દ્વારા,શહેરમાંથી વિના મૂલ્યે મૃત પશુ / જાનવર ઉપાડવાની તથા તેના નિકાલ કરવાની કામગીરી કરવામાં આવે છે. શહેરની સ્વચ્છતા અને આરોગ્ય જળવાય તે માટે શહેરમાં નજરે જોવા મળતા મૃત પશુ / મૃત જાનવર ને ઉપાડવાની ફરીયાદ કોઇ પણ નાગરીક સરળતાથી કરી શકે તેવા હેતુસર ભાવનગર મહાનગરપાલિકાનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા હેલ્પ લાઇન મોબાઇલ નંબર ૯૯૦૯૮૨૦૮૨૦ જાહેર કરેલ છે. પરતું, હાલની શિયાળાની ઋતુમાં મૃત પશુ / મૃત જાનવરને ઉપાડવાની ફરિયાદોમાં વધારો થતો હોવાથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વધારાનો બીજો હેલ્પલાઇન નંબર ૯૦૧૬૫૦૨૦૭૦ પણ કાર્યરત કરવામાં આવેલ છે.જેથી શહેરીજનો શહેરમાં મૃત પશુ/જાનવર ઉપાડવા ૯૯૦૯૮૨૦૮૨૦ તથા ૯૦૧૬૫૦૨૦૭૦ આ બંને હેલ્પલાઇન નંબરના માધ્યમથી સવારે ૮.૦૦ થી સાંજના ૮.૦૦ કલાક દરમ્યાન ફરીયાદ નોંધાવી શકે છે જે સુવિધાનો સર્વે નાગરીકોએ લાભ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર
સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

તંત્રીશ્રી.........................................................

ઉપરોક્ત પ્રેસનોટ આપના દૈનિકમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

જનસંપર્ક અધિકારી
જનસંપર્ક વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર